# અરવલ્લી જિલ્લાના ૧.૪૦ લાખ ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન યોજના હેઠળ આવરી લેવામાં આવશે

## ૨૩ ફેબ્રુઆરી સુધી જિલ્લા વહિવટીતંત્ર વ્યાપક ઝુંબેશ ચલાવશે : પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા ખેડૂતોને પણ કિસાન ક્રેડીટ કાર્ડનો લાભ મળશે

મોડાસા, તા. ૧૨

કિસાનોના હિત માટે સમગ્ર દેશમાં આરંભાયેલ પ્રધાનમંત્રી કિસાન યોજના અન્વયે લાભાર્થી ખેડૂતોને સહાય અને સહયોગ માટે સરકારશ્રી દ્વારા ૮ થી ૨૩ ફેબ્રુઆરી દરમ્યાન એક ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેની જાણકારી અંગે જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરની અધ્યક્ષતામાં કલેકટર કચેરી, મોડાસા ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.

અરવલ્લી જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધી યોજના અંતર્ગત ૧.૪૦ લાખ ખેડૂતોને આવરી લેવાની ખાસ ઝુંબેશ હાથ ધરાઈ છે. જે પૈકી હાલ ૬૩,૦૦૦ ખેડૂતો પાક ધિરાણનો લાભ મેળવી રહ્યા છે જ્યારે બાકી રહેતા ખેડૂતોને કિસાન ક્રેડીટ કાર્ડ - પાક ધિરાણ આપવા માટે જિલ્લામાં વહિવટીતંત્ર બેન્કો સાથે મળીને ૨૩ ફેબ્રુઆરી સુધી વ્યાપક ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે જેમાં ખેડૂત ખાતેદારોનેઆ ઝુંબેશ દરમિયાન નિઃશુલ્ક ચાર્જથી કાર્યવાહી કરી આપવામાં આવશે.



કલેકટરે જણાવ્યુ હતું કે જે ખેડૂતો પાસે જમીન નથી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા હોય તેવા પશુપાલકોને રૂ. ૩ લાખ સુધીનું ધિરાણ આપવામાં આવશે જેમાં એક વર્ષના નિયત સમયમર્યાદામાં ખેડૂત ખાતેદાર ચૂકવણું કરશે તો ઝીરો ટકા વ્યાજનો દર લાગુ પડશે. કિસાન ક્રેડીટ કાર્ડની પાત્રતા ધરાવતા લાભાર્થિઓને પ્રોસેસિંગ, દસ્તાવેજીકરણ, નિરીક્ષણ અને ખાતાકીય ફોલિયો ચાર્જ કેસીસી લોન માટેના અન્ય સર્વિસ ચાર્જ સહિતના તમામ ચાર્જ માફ કરાયા છે. અરવલ્લી જિલ્લાની ૧૩૩ બેંક શાખાઓમાં આ યોજના કાર્યાન્વિત છે જેમાં પી.એમ. કિસાન યોજનાનો લાભ લેવા ખેડૂતે નજીકની બેંક શાખામાં સંપર્ક કરવાનો રહેશે. વધુમાં તેમણે ઉમેર્યુ હતુ કે અરજીનું સરળીકરણ કરી હવે માત્ર એક પાનાનું ફોર્મ રજૂ કરવાનું રહેશે જે ઓનલાઈન અથવા બેંકમાથી પણ ઉપલબ્ધ થઈ શકશે જેની સહાય માટે ૭૦થી વધુ સખી બેંકો જન જાગૃતિનું કામ કરશે.

આ પત્રકાર પરીષદમાં જિલ્લા વિકાસ અધિકારી અનિલ ધામેલીયા, જિલ્લા ખેતીવાડી અધિકારી જે.આર.પટેલ તથા પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મિડીયાના પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.



## ધનસુરામાં આરોગ્ય વિભાગની અનોખી પહેલની શરૂઆત

અરવલ્લીમાં આરોગ્ય વિભાગે અનોખી પહેલ શરૂ કરી છે. જેમાં જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ રાત્રિ દરમિયાન લોકો પાસે જઈને ડેન્ગ્યુ, મલેરિયા જેવા વાહકજન્ય રોગો વિષેની માહિતી આપી રહ્યા છે. સાથે કોરોના વાઈરસ વિષે અને ટી.બી. સહિતના રોગોના કારણો અને બચવાના ઉપાયોની જાણકારી આરોગ્ય કર્મચારીઓ લોકોને આપી રહ્યા છે. આરોગ્ય કર્મચારીઓએ ધનસુરાની અયોધ્યાનગર સોસાયટીમાં જઈ લોકોને આ માહિતી આપી હતી. સાથે લોકોની ભાગીદારી વધે એ માટે ધનસુરા ખાતે આરોગ્ય વિષય પર નાટક રજૂ કરી લોકોને માહિતી આપી હતી. જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓએ ગામોમાં જઈ ફળીયા અને સોસાયટીઓમાં જઈ લોકોને વાહકજન્ય રોગો વિષેની માહિતી આપવાની શરૂઆત કરી છે. મલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા સાથે કોરોના ટી.બી. અને સ્વાઈન ફ્લૂના કારણો અને તેનાથી બચવાના ઉપાય અને આ રોગ થાય તો શું સારવાર કરવી સહિતની જાણકારી આરોગ્ય કર્મચારીઓએ લોકોને આપી હતી. આ કાર્યક્રમ જિલ્લા આરોગ્ય અધિકારી અમરનાથ વર્મા અને ધનસુરા તાલુકા આરોગ્ય અધિકારી યોગેશભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ ધનસુરામાં શરૂ કરવામાં આવ્યો છે. જેમાં હિતેષભાઈ શર્મા (ટી.એચ.એસ.), મૌલિકભાઈ પ્રજાપતિ (એમ.ઓ.), મહેશભાઈ પ્રજાપતિ આરોગ્ય કર્મચારીઓ અને આશા બહેનોએ સુંદર કામગીરી કરી હતી.

### ગ્રાન્ટ માટે હક્કદાર...

● છેલ્લા પાનાનું ચાલુ

પંચાયતના વર્તુળોમાંથી મળતી વિગતો પ્રમાણે ૨૦૧૮-૧૯માં જિલ્લામાં ૨૦૨ ગામોને પરોફોમન્સ ગ્રાન્ટ મળી હતી. એક વર્ષના ટુંકા ગાળામાં જ આ અંગેની માર્કિંગ પદ્ધતિમાં બદલાવ કરવામાં આવ્યો છે.

ગત વર્ષની તુલનામાં આ વર્ષે જિલ્લામાં પરફોમન્સ ગ્રાન્ટ મેળવનાર પંચાયતોની સંખ્યામાં ૨૩નો ઘટાડો નોંધાયો છે જે નોંધનીય છે. પરફોમન્સ ગ્રાન્ટના પ્રોત્સાહનને પગલે જિલ્લામાં પંચાયતોના વેરા વસુલીમાં સારો એવો સુધારો જોવા મળ્યો છે તે બાબત પણ એટલી જ નોંધનીય છે.

### જિલ્લાતંત્ર ગળાડુબ...

● છેલ્લા પાનાનું ચાલુ

સાંસ્કૃતિક કાર્યક્રમના સ્ટેજ સહિતની જવાબદારી ઉપરાંત સ્ટેડિયમની બેઠક વ્યવસ્થા સહિતની જવાબદારી સોંપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ આ બધી બાબતોના આખરી આયોજનને લઈ આજે જિલ્લાના અધિકારીઓની બેઠક પણ કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષપદે યોજવામાં આવી હતી.

અમેરિકી રાષ્ટ્ર પ્રમુખની મુલાકાતને લઈ ગાંધીનગર જિલ્લાતંત્ર પણ અમદાવાદ જિલ્લાતંત્ર સાથે ખભેખભા મિલાવી આગળ વધી રહ્યુ છે.

### એક સાથે પરીક્ષા...

● છેલ્લા પાનાનું ચાલુ

ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન તથા અંગ્રેજી અને સામાન્ય પ્રવાહ માટે અંગ્રેજી, નામાના મૂળતત્વો, વાણિજ્ય વ્યવસ્થા, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના સમાન પ્રશ્નપત્રો આપવામાં આવશે.

એકમ કસોટીનું મૂલ્યાંકન શાળાકક્ષાએ કરવાનું રહેશે. જ્યારે શાળાઓના પ્રથમ તથા દ્વિતીય સત્રાંત કસોટીની ઉત્તરવહીઓની ચકાસણી અર્થે જે તે કલસ્ટરની શાળાઓમાં ઉત્તરવહીઓની યાદચ્છિક રીતે વહેંચણી કરી ઉત્તરવહીઓની થર્ડ પાર્ટી ચકાસણી કરાવવાની રહેશે. તે બાબતે વિગતવાર સૂચનાઓ પ્રાયોગિક સમસ્યાઓને ધ્યાને રાખી કોઈપણ અવ્યવસ્થા ન સર્જાય તે રીતે ટેક્ષ ફોર્સના પરામર્શનમાં રહી આપવામાં આવશે.

રાજ્યની તમામ શાળાઓએ વિદ્યાર્થીઓએ એકમ કસોટી અને પ્રથમ તથા દ્વિતીય સત્રાંત કસોટીમાં મેળવેલ ગુણ સમગ્ર શિક્ષા અભિયાન ((એસએસએ) દ્વારા તૈયાર કરવામાં આવે તે વેબપોર્ટલ પર અપલોડ કરવાના રહેશે.

એકમ કસોટી તેમજ પ્રથમ અને દ્વિતીય સત્રાંત પરીક્ષાના આગોતરા આયોજન કરી તે અંગેની વિગતો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તૈયાર કરવામાં આવનાર શૈક્ષણિક કેલેન્ડરમાં સમાવિષ્ટ કરવાની રહેશે.

**રક્તદાન મહાદાન**

### લાગણીનો મેળો

● ચોથા પાનાનું ચાલુ

છે... છતાં વાસ્તવિકતા એ છે કે કૃતજ્ઞતા કે સમજણના અભાવે સંતાનો મા-બાપને અન્યાય કરી બેસે છે... ઘરના જીવતા દેવોને બે ટંકના કોલિયા માટે ભટકવું પડે કે વૃદ્ધાશ્રમના સહારે જીવવું પડે... ધિક્કાર છે એવા સંતાનોને...!!

બચપણમાં જે પિતાના કંધા ફૂલ બન્યા
બુઢાપામાં એ પિતા જ બોજ બન્યા ?!!

આપણા કલ્યાણદાતા માવતરનું ઋણ ચૂકવવા રોજ કૃતજ્ઞભાવે પગે લાગીએ... આશીર્વાદ મેળવીએ અને આપણો ઉજળો સંસ્કાર વારસો આપણી પછીની પેઢીને આપીને તર્પણ કરીએ.... જો તમે એક માતા કે પિતા હો તો તેનું ગૌરવ સમજજો !

સુજ્ઞેષુ કિં બહુના.... ॥ માતૃ દેવો ભવ ॥ ॥ પિતૃ દેવો ભવ ॥

સ્પર્શમણિ :
પિતા એટલે પરિવારને માથે લગાવેલો એવો 'ટફન ગલાસ'
જે મુશ્કેલીમાં ખુદ તૂટશે પણ પરિવારને તૂટવા નહિ દે...

પિતા એટલે મનની દરેક ચિંતાનું નિવારણ અને જીવનમાં મળેલા સુખોનું કારણ...

●●●

rasikvaland1965@gmail.com
Mo. 9913426949

### મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલુ

હચમચી ગયું હશે એ કલ્પી શકાય તેમ નથી. 'ધૂમ્મસિયા સવારનો સૂરજ' વાર્તા છાપામાં લખવું કેવી અઘરી બાબત છે તેવી સાવ જુદી વાત લઈ આવે છે.

છેલ્લી વીસ પાનાંની લાંબી વાર્તા આ બધીયે વાર્તાનું પોસ્ટમોર્ટમ કરીને લખેલી વાર્તા હોય તેવી છે. છેક અઢારસો સત્તાવનના બળવાના પ્રસંગથી શરૂ થાય છે અને આજના રાજકારણીઓ સુધી ખેંચાય છે. બધા પાત્ર અને તેમની કહાણી એકબીજાથી જુદી છે છતાં એકમેક સંગ સંકળાયેલી છે. એક દળદાળ નવલકથા લખાય એટલો મસાલો હિમાંશીબેને એમાં ભરી દીધો છે. આખી વાર્તાની વાત કરવા માટે આ સ્થળ સાંકડું પડે. હું એટલું જ કહીશ કે ગજબની વાર્તા છે. જેણે આપણા ચરિત્ર નગ્ન કરી દીધાં છે.

આવું પુસ્તક આપવા માટે હિમાંશી બહેનને શત શત પ્રણામ.

# રમત-ગમત વિભાગના મનસ્વી નિર્ણયને લીધે રમતવીરોમાં નારાજગી

## નેશનલમાં ભાગ લેવા માટે રમતવીરોને સ્વખર્ચે જવુ પડ્યુ : રસ્સાખેંચમાં નાસિક ગયેલી ગુજરાતની ટીમે મેડલ મેળવ્યો

હિંમતનગર, તા. ૧૨

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી યુવાધનને વધુ સશક્ત અને રમત-ગમત ક્ષેત્રે આગળ વધારવા માટે રમશે ગુજરાત, ખેલે ગુજરાત, જીતે ગુજરાતનું સુત્ર પ્રચલિત કર્યા બાદ ગુજરાતના અનેક રમતવીરોએ દેશમાં તથા વિદેશોમાં જઈને ભારતનું નામ રોશન કરી ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવ્યા છે ત્યારે થોડા સમય અગાઉ ગુજરાતના રમત-ગમત વિભાગના જવાબદાર અધિકારીઓ તઘલખી નિર્ણય લઈને નોન-ઓલમ્પિક રમતો માટે નશનલકક્ષાએ યોજાતી આ સ્પર્ધામાં રમતવીરોને સ્વખર્ચે જવાની છુટ આપી છે. જેના લીધે અનેક મહિનાઓ સુધી વિવિધ રમતોમાં પ્રેક્ટીસ કરીને ગુજરાતની ટીમમાં પસંદગી પામ્યા બાદ તેમની હાલત કફોડી બની ગઈ છે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મજબ છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્યના રમત-ગમત વિભાગ દ્વારા ઓલમ્પિક નોન ઓલમ્પિક રમતોની નેશનલકક્ષાની સ્પર્ધા દેશમાં ગમે તે સ્થળે યોજાય તો ત્યાં જવા માટે પસંદગી પામેલા ખેલાડીઓ અને કોચનો ખર્ચ સરકાર આપતી હતી. પરંતુ છેલ્લા થોડાક સમયથી રમતગમત વિભાગમાં અગ્રસચિવ તરીકે આવેલા એક અધિકારીએ નોન ઓલમ્પિક રમતો માટે નેશનલકક્ષાએ રમવા જનાર ખેલાડીઓને પ્રોત્સાહન આપવાને બદલે તેમને સ્વ ખર્ચે જવા માટે છેલ્લી ઘડીએ મંજુરી આપી હતી.

જેના લીધે રસ્સાખેંચ સ્પર્ધા કે જે થોડા સમય અગાઉ મહારાષ્ટ્રના નાસિક ખાતે યોજાઈ હતી. જેમાં સ્વ ખર્ચે ગયેલી ગુજરાતની ટીમે ઉજ્જવળ દેખાવ કરીને મેડલ મેળવ્યો છે. તો બીજી તરફ આ મેડલ રમતગમત વિભાગના નામે રહેશે જેથી પ્રશ્ન એ થાય છે કે સ્વખર્ચે ગયેલી ટીમે પોતાની મહેનતથી મેળવેલી મેડલ બીજાને આપી દેવો તે કેટલે અંશે વ્યાજબી છે.

ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી સરકાર દ્વારા નેશનલકક્ષાની ઓલમ્પિક અને નોન ઓલમ્પિક રમતો માટે નેશનલ કક્ષાની રમત જે રાજ્યમાં યોજાય ત્યાં જવા માટે અગાઉની જેમ રાજ્ય સરકારના રમતગમત વિભાગે અગાઉથી જ મંજુરી આપીને ખર્ચ આપવો જોઈએ. મળતી માહિતી મુજબ નેશનલ સ્પર્ધા માટે રમતગમત વિભાગ પાસે પુરતી ગ્રાન્ટ હોવા છતાં કોણ જાણે કેમ ગુજરાત સરકારના રમતગમત સુત્રને નિરર્થક બનાવવાના કારસો ઘડાઈ રહ્યા છે તે સમજાતુ નથી. જેથી સરકારે આ દિશામાં તપાસ કરીને ગુજરાતના રમતવીરોને અન્યાય ન થાય તે જોવુ જોઈએ.

## સાબરકાંઠામાં તાપમાન ઉંચકાયુ ઠંડીની અસરો ઓછી થઈ

### આગામી બે દિવસમાં ગરમી વધશે તેવા એંધાણ

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં ગરમીની અસરો વર્તાઈ રહી છે ત્યારે તાપમાનમાં વધારો નોંધાઈ રહ્યો છે. જેને લીધે દિવસ દરમ્યાન ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. તે મુજબ આગામી બે દિવસમાં તાપમાન ૩૦ ડિગ્રીથી વધવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા કરાઈ રહી છે. દરમ્યાન બુધવારે સાબરકાંઠા જિલ્લામાં દિવસે ૧૦ થી ૧૫ કિમીની ઝડપે પવન ચાલુ રહ્યો હતો. જોકે સાંજે અને સવારે ઠંડીની થોડીક અસરો જણાઈ રહી છે.

સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે ઠંડી ગત વર્ષની જેમ મહાશિવરાત્રી સુધી ચાલુ રહેશે તેવુ લોકોનું અનુમાન છે. દરમ્યાન ગત સોમવારથી જિલ્લામાં તાપમાન ઉંચકાવવા માંડ્યુ છે. જેને લઈને દિવસ દરમ્યાન લોકોને ઈલેક્ટ્રીક પંખા ચાલુ કરવા પડ્યા છે. જો કે હજુ પણ વહેલી સવારે અને સાંજે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. દરમ્યાન બુધવારે હિંમતનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ સહિતના અન્ય સ્થળે ઉંચુ તાપમાન ૩૧ અને નીચુ તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયુ હતુ.

હવામાન વિભાગનું માનીએ તો આગામી બે દિવસ એટલે કે ગુરૂવાર અને શુક્રવારે તાપમાનમાં બે ડિગ્રી વધારો થઈ શકે તેમ છે. જેના લીધે જિલ્લામાંથી ધીરે ધીરે ઠંડી વિદાય લેવાની શરૂઆત કરી દેશે. ઉલ્લેખનીય છે કે આગામી તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ મહાશિવરાત્રી આવતી હોવાથી ત્યાં સુધીમાં ગરમી ચાલુ થઈ જશે. જાણકારો કહે છે કે આવતા અઠવાડીયામાં હજુ ઠંડીનો એક સામાન્ય રાઉન્ડ આવે તો નવાઈ નહી કારણ કે શિવરાત્રી નજીક હોવા છતાં આંબાના ઝાડ પર મોર બેસવાની શરૂઆત થઈ નથી અને જે સ્થળે આંબા પર મોર આવી ગયો છે તેમાં પણ ઝાડનો કેટલોક ભાગ મોર વિનાનો જોવા મળ્યો છે.



## ડીસા ધારાસભ્યને એકલવ્ય યુવા સંગઠનનું આવેદનપત્ર

નેશ વિસ્તાર સિવાય અન્ય સ્થળો પર રહેતાં અન્ય સમાજને જે તે સમયે આપવામાં આવેલ અનુસુચિત જનજાતિના ખોટા પ્રમાણપત્ર રદ કરવા એકલવ્ય યુવા સંગઠન ડીસા તેમજ સમસ્ત આદિવાસી સમાજ દ્વારા ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ૨૯ ઓકટોબર ૧૯૫૬થી ગીર, બરડો અને આલોચના જંગલ વિસ્તારના નેશડામા વસવાટ કરતાં રબારી, ભરવાડ અને ચારણ જ્ઞાતિનો અનુસૂચિત જનજાતિમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. એકલવ્ય યુવા સંગઠન ડીસા અને સમસ્ત આદિવાસી સમાજ દ્વારા બુધવારે ડીસા ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાને આ મુદ્દે આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. જેમાં જણાવ્યું હતું કે નેશ વિસ્તારમાં વસવાટ કરતાં ન હોય તેવા રબારી, ભરવાડ અને ચારણ સમાજના લોકોને પણ રાજય સરકારે ખોટા જાતિ પ્રમાણપત્ર આપ્યા છે તે રદ કરવા તેમજ પ્રમાણપત્ર લેનાર અને આપનાર સામે ફોજદારી કાર્યવાહી કરવા માંગ કરી છે. આ ઉપરાંત રાજય સરકાર દ્વારા વર્ષ-૨૦૧૮માં અનુસુચિત જનજાતિના પ્રમાણપત્ર આપવા અને ખરાઈ કરવા કાયદો બનાવ્યો છે પરંતુ નિયમ બનાવેલ નથી તેમજ ગુજરાત સરકાર દ્વારા જાતિ પ્રમાણપત્ર આપવા માટે કરવામાં આવેલ ગેર બંધારણીય તમામ ઠરાવો અને પરીપત્રો રદ કરવાની પણ માંગણી કરવામાં આવી છે.

## હિંમતનગર-ઈડર રોડ પર અજાણ્યા વાહને ટક્કર મારતા એકનું મોત

હિંમતનગરથી ઈડર જતા રોડ પર થઈને મંગળવારે પસાર થઈ રહેલા એક અજાણ્યા વાહનચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી અહીંથી પસાર થઈ રહેલ કાંકણોલમાં રહેતા એક ઈસમને હડફેટે લઈ ગંભીર ઈજા પહોંચાડી મોત નિપાજાવ્યુ હતુ અને આ અજાણ્યો વાહનચાલક ભાગી ગયો હતો. જે અંગેની ફરીયાદ હિંમતનગર બી.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

મંગળવારે હિંમતનગર-ઈડર રોડ પરથી પસાર થઈ રહેલા જીલુસિંહ ઉદેસિંહ ચૌહાણને એક અજાણ્યા વાહનના ચાલકે ગફલતભરી રીતે પોતાનું વાહન હંકારી જીલુસિંહને હડફેટે લઈ ટક્કર મારી ગંભીર ઈજા પહોંચાડી સ્થળ પર મોત નિપજાવ્યું હતું અને આ અજાણ્યો વાહનચાલક ભાગી ગયો હતો.

# કૂચવાડા નજીક ત્રણ અજાણ્યા શખ્સોએ ભાવિ પત્નીને મળવા આવેલ યુવકને માર મારી લૂંટ ચલાવી

**ભોગ બનનાર યુવકે અજાણ્યા ત્રણ શખ્સો સામે ડીસા તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોધાવી**

ડીસા, તા. ૧૨

ડીસાના કુચાવાડા નજીક રવિવારે બપોરના સુમારે ભાવિ પત્નીને મળવા ગયેલા યુવક તેમજ તેના મિત્રને ત્રણ અજાણ્યા શખ્સોએ માર મારી લૂંટ ચલાવ્યા બાદ યુવતીને બાઈક પર બેસાડી લઈ જતાં રસ્તામાં અઘટિત માગણી કરતા ગભરાઈ ગયેલી યુવતીએ ચાલુ બાઈકે રોડ પર પટકાતા છાતીના ભાગે ફેકચર ઉપરાંત માથા અને થાપાના ભાગે ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડાઈ છે. ડીસા તાલુકા પોલીસે લૂંટ સહિતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ ચકચારી ઘટનાની વિગત એવી છે કે દાંતીવાડા તાલુકાના ગોઢ ગામના દિપક પુનમાજી ઠાકોર અને તેમના વેવાઈ દશરથજી જોગાજી ઠાકોર (મુળ રહે., ખારેડા, તા. સરસ્વતી, જી. પાટણ અને હાલ રહે વાસણા ગોળીયા, તા.ડીસા) રવિવારે પૂનમ હોવાથી બાઈક ઉપર વિઠોદર ગામે આગમાતાના મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. ત્યારબાદ બપોરના બે વાગ્યાના સમયે દિપક અને તેની ભાવિ પત્ની હીના તેમના વેવાઈ દશરથજી ઠાકોરના બાઈક પર બેસી સોડાપુર જવા માટે નિકળ્યા હતા. જે દરમ્યાન કુચાવાડા વળાંકથી થોડે દુર રોડ ઉપર બાઈક ઉભુ રખાવી દીપક અને હીના રોડની સાઈડમાં આવેલ બાવળની ઝાડીમાં ગયા હતા. ત્યારે પાછળ આવી રહેલા બે અજાણ્યા શખ્સોએ યુવક યુવતીને ધાક ધમકી આપી કહેવા લાગ્યા કે "તમે કોણ છો અને અહીં શું કરો છો" તેમ કહેતાં યુવકે કહ્યું કે અમો પતિ પત્ની છીએ. જેથી એક શખ્સે કહેલ કે હું તારા પિતા રામાજી અને દાનાજી એમ બન્ને ભાઈઓને ઓળખું છું તેમ કહી આ કોણ છે તેમ કહેતા યુવતિએ આ તેનો પતિ હોવાનું જણાવતાં બન્ને શખ્સોએ દિપકને લાપટ ઝાપટ કરી હતી. ત્યારબાદ અન્ય એક શખ્સ રોડ ઉપર ઉભેલા દશરથજી ઠાકોરને બાવળની ઝાડીમાં બન્નેને માર મારી ગાળો બોલી તમારા મોબાઈલ અને પૈસા લાવો નહીંતર છરા વડે જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી મોબાઈલ તેમજ રોકડ રકમની લૂંટ કરી હતી. બે શખ્સોએ બન્ને યુવકોને રોડ ઉપર લઈ જઈ એક બાઈક પર ચારેય જણા કુચાવાડા ત્રણ રસ્તા પર ગયા હતાં. જયારે એક યુવકે તારા બાપાના ઘરે મુકી જઉ તેમ કહી લાલ કલરના પલ્સર પર યુવતીને બળજબરી પૂર્વક બેસાડી વિઠોદર તરફ જતાં રસ્તામાં યુવકે અઘટિત માગણી કરતાં યુવતી તાબે ન થતાં બીજી વખત માગણી કરતાં ગભરાયેલી યુવતિએ ચાલુ બાઈકે કુદી પડતાં છાતી, માથા તેમજ થાપાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. યુવતી નીચે પટકાતા બાઈક સવાર ત્યાથી નાસી છુટયો હતો તેમજ અન્ય બે શખ્સો પણ બન્ને યુવકોને છોડી ફરાર થઈ ગયા હતાં. યુવતીને છાતીના ભાગે ફેકચર તેમજ શરીરના ભાગે ઈજાઓ થતાં કુચાવાડા પ્રાથમિક સારવાર આપ્યા બાદ ડીસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ અંગે ભોગ બનનાર દિપક પુનમાજી ઠાકોરે ડીસા તાલુકા પોલીસ મથકે અજાણ્યા ત્રણ શખ્સો સામે ફરીયાદ નોધાવતા પોલીસે ગુનો નોધી વધુ તપાસ પી.આઈ. એમ.જે. ચૌધરી ચલાવી રહ્યા છે.

### સિલિન્ડરમાં વધારો...

● પહેલા પાનાનું ચાલુ

ગ્રાહકોને હવે ૯૯૬ રૂપિયામાં ગેસ સિલિન્ડર પડશે. જ્યારે મુંબઈમાં ૧૪૫ રૂપિયાનો વધારો ગેસ સિલિન્ડરમાં થયો છે. આની સાથે જ મુંબઈમાં કિંમત વધીને ૮૨૯ થઈ છે. જુદા જુદા કારણોને લઈને આ વધારો કરવામાં આવ્યો છે. સરકારી ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા આ વધારો કરવામાં આવ્યો છે. પહેલી જાન્યુઆરી ૨૦૨૦ના દિવસે અગાઉ ગેસ સિલિન્ડરમાં વધારો કરવામાં આવ્યો હતો. દર મહિનામાં ફયુઅલ રિટેલર્સ એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો કરે છે. એલપીજી સિલિન્ડર ફયુઅલ રિટેલર્સ માર્કેટ કિંમતમાં વેચે છે પરંતુ સરકાર દ્વારા દર વર્ષે દરેક પરિવારને ૧૨ સિલિન્ડર ઉપલબ્ધ કરાવે છે. જેના ભાગરૂપે સીધી સબસિડિ ચુકવવામાં આવે છે. જેને લઈને સબસિડિની રકમ દરેક પરિવારના ખાતામાં સીધી રીતે જમા કરવામાં આવે છે. જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને છે ત્યારે ગેસ સિલિન્ડરની કિંમતમાં વધુ વધારો થતા સામાન્ય લોકો ઉપર બોજ આવી ગયો છે. જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. આના માટે સ્થાનિક પરિબળોની સાથે સાથે વૈશ્વિક પરિબળો પણ જવાબદાર છે. હાલમાં જ આર્થિક સુસ્તીના માહોલમાં એક બાજુ માંગ ઘટી રહી છે. જેના કારણે જુદા જુદા કારોબારમાં પણ ભારે નિરાશા દેખાઈ રહી છે.

### ફુગાવોનો આંક...

● પહેલા પાનાનું ચાલુ

જાન્યુઆરી ૨૦૧૯માં આ રેટ ૨.૦૫ ટકા હતો. આજે જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, ફુડ બાસ્કેટમાં ફુગાવો ૧૩.૬૩ ટકા થઈ ગયો છે. ફુડ ફુગાવો જાન્યુઆરી ૨૦૧૯માં માઈનસ ૨.૧૭ ટકા હતો. આ મહિના દરમિયાન શાકભાજીમાં ફુગાવો ડિસેમ્બર ૨૦૧૯માં ૬૦.૫૦ ટકાની સામે ૫૦.૧૯ ટકા રહ્યો છે. અનાજ અને અન્ય પેદાશોની કિંમતોમાં પણ વધારો થયો છે. કઠોર અને સંબંધિત પ્રોડક્ટની કિંમતમાં આ મહિના દરમિયાન ૧૬.૭૧ ટકાનો વધારો થયો છે. ભારતીય પરિવારમાં ખુબ જ મહત્વની વસ્તુ ગણાતી ડુંગળીની કિંમતમાં વધારો થયો છે. આરબીઆઈએ તેની પોલિસી સમિક્ષામાં યથા સ્થિતિ જાળવી હતી. રેપોરેટ એ વખતે ૫.૧૫ ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય લેવાયો હતો. વ્યાજદરોમાં કોઈ સુધારો ન કરાતા અપેક્ષા યોગ્ય રહી છે.

### તાજપોશી...

● પહેલા પાનાનું ચાલુ

મનીષ સિસોદિયાએ દિલ્હીના બે કરોડ લોકોનો શાનદાર જીત અપાવવા બદલ આભાર માન્યો હતો. તેમણે કહ્યુ હતુ કે દિલ્હીની પ્રજાએ અપેક્ષા કરતા પણ વધારે જંગી સમર્થન આપ્યુ છે. ૭૦ પૈકી ૬૨ સીટો પર જીત પાર્ટીને અપાવવાનો અર્થ છે કે દિલ્હીની પ્રજાએ વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. દિલ્હીના લોકોએ સાબિતી આપી દીધી છે કે કેજરીવાલ તેમના પુત્ર તરીકે છે. દિલ્હીની પ્રજાએ નફરતની રાજનીતિને ફગાવી દીધી છે. સાથે સાથે સાબિતી આપી દીધી છે કે કેજરીવાલ મોડલ જ વિકાસ સંબંધિત અસલી મોડલ છે. કેજરીવાલના પરિવારના સભ્યોએ કહ્યુ છે કે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ૬૦ કરતા ઓછી બેઠકની અપેક્ષા રાખી રહ્યા ન હતા. શપથવિધીને લઈને ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે.

જો કે કેબિનેટની રચનાને લઈને ચિત્ર હજુ સ્પષ્ટ થયુ નથી. સુત્રોએકહ્યુ છે તે આ વખતે બે નવા પ્રધાન શપથ લઈ શકે છે. કેટલાક હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે કેજરીવાલ મંત્રીમંડળમાંથી આ વખતે કેટલાક પ્રધાનોની હકાલપટ્ટી કરવામાં આવી શકે છે. દરમિયાન રાજેન્દ્રનગરમાંથી જીતેલા રાઘવ ચડ્ડા અને કાલકાજીમાંથી જીતેલા આતિશીને કેજરીવાલ મંત્રીમંડળમાં તક મળી શકે છે. તમામ લોકો જાણે છે કે આમ આદમી પાર્ટીમાં આ બંનેની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. દિલીપ પાન્ડેને પણ તક આપવામાં આવી શકે છે. શિક્ષણમાં આતિશીના સારા પ્રયાસોની પહેલા પણ અનેક વખત પ્રશંસા થઈ ચુકી છે. એમ માનવામાં આવે છે કે, આ વખતે પણ શિક્ષણ વિભાગ તેમને સોંપવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાની સલાહકારની ભૂમિકા જુલાઈ ૨૦૧૫થી એપ્રિલ ૨૦૧૮ વચ્ચે આતિશી અદા કરી ચુકી છે. જોકે, મોડેથી આ પદને અસ્વિકાર કરવામાં આવ્યા બાદ તેમને રાજીનામુ આપવાની ફરજ પડી હતી.

### કોંગી ઘમસાણ...

● પહેલા પાનાનું ચાલુ

બીજી વખત શુન્ય મેળવી લેનાર કોંગ્રેસમાં હવે ઘમસાણની સ્થિતી છે.પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીનમી પુત્રીએ કોંગ્રેસના વલણને લઈને નારાજગી વ્યક્ત કરી છે. આમ આદમી પાર્ટીની જીત બાદ જે રીતે કોંગ્રેસ પાર્ટી ખુશ દેખાઈ રહી છે તેને લઈને શર્મિષ્ઠાએ નારાજગી વ્યક્ત કરી છે. આમ આદમી પાર્ટીની જીત પર ગર્વ કેમ કરવામાં આવી રહ્યુ છે તેવો પ્રશ્ન શર્મિષ્ઠા દ્વારા કરવામાં આવ્યો છે. દરમિયાન દિલ્હી ચૂંટણી પ્રભારી અને વરિષ્ઠ નેતા પીસી ચાકોએ કહ્યુ છે કે આમ આદમી પાર્ટીના ઉદય બાદ કોંગ્રેસ પાર્ટી ક્યારેય તેની વોટ બેંક પરત હાંસલ કરી શકી નથી. કોંગ્રેસ પાર્ટી હાલમાં ખુબ ખરાબ હાલતમાં દેખાઈ રહી છે. તેની એક પછી એક જગ્યાએ હાર થઈ રહી છે. દિલ્હીમાં સતત બીજી વખત તેનુ ખાતુ પણ ખોલાયુ નથી. તેના ૬૩ ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી દીધી છે. દરમિયાન દિલ્હીમાં પરિણામ આવ્યા બાદ કોંગ્રેસ પાર્ટીમાં જોરદાર ઘમસાણની સ્થિતિ છે. દિલ્હીમાં પ્રભારી પીસી ચાકોએ પણ હવે ખરાબ પ્રદર્શન બાદ રાજીનામુ આપી દીધુ છે. આ પહેલા પ્રદેશ કોંગ્રેસ કમિટિના અધ્યક્ષ સુભાષ ચોપડાએ પણ હાર માટેની નૈતિક જવાબદારી સ્વીકારીને રાજીનામુ આપી દીધું હતું. દિલ્હીમાં કોંગ્રેસની ખરાબ હાલત માટે ચાકો પૂર્વ મુખ્યમંત્રી શિલા દિક્ષિતને પણ જવાબદાર ગણાવ્યા હતા. કોંગ્રેસ પાર્ટીના પતનની શરૂઆત શિલા દિક્ષિત જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે જ શરૂ થઈ ગઈ હતી.